નિયામક, વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે મહેકમની નવી જગ્યાઓ ઉભી કરવા બાબત.

નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫, રકમ રૂ.૧.૦૪ કરોડ

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3525/A Section
સચિવાલય, ગાંધીનગર
તા: ૦૬/૦૩/૨૦૨૪

વંચાણે લીધાં:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૬/૦૨/૨૦૨૪ નો પત્રાંક:વિજાક/મકમ/ન.બા./૨૦૨૪/૧૪૩

આમુખ: -

સરકારશ્રી દ્વારા બિન અનામત વર્ગના જરૂરિયાતમંદ નાગરિકોના આર્થિક, શૈક્ષણિક અને સામાજિક ઉત્થાન માટે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવી છે. ઉક્ત નિગમ ખાતે વધતી જતી કામગીરીને ન્યાય આપી શકાય તે માટે નિગમ ખાતે નવી જગ્યાઓ ઉભી કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની ઉપરોક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો બિન અનામત વર્ગના જરૂરિયાતમંદ નાગરિકોને ત્વરિત અને વ્યાપક પ્રમાણમાં લાભ મળી રહે તે હેતુસર ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે નીચે મુજબની નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની કુલ રૂ.૧.૦૪ કરોડની વર્ષ ૨૦૨૪-૨૫ ની નવી બાબતને નિર્દિષ્ટ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ અને પગારધોરણ | નવી ઉભી થનાર જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | નાયબ નિયામક (વર્ગ-૧) (પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ નં. ૧૦, ROP 2016) | ૦૨ |
| ૨. | હિસાબી અધિકારી (વર્ગ-૧) (પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ નં. ૧૦, ROP 2016) | ૦૧ |
| ૩. | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) (પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ નં. ૮, ROP 2016) | ૦૨ |
| ૪. | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) (પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ નં. ૭, ROP 2016) | ૦૩ |
| ૫. | સમાજ કલ્યાણ નીરિક્ષક (વર્ગ-૩) (પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ નં. ૬, ROP 2016) | ૦૫ |
| ૬. | સીનીયર ક્લાર્ક (વર્ગ-૩) (પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ નં. ૪, ROP 2016) | ૦૨ |
| ૭. | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) (પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ નં. ૨, ROP 2016) | ૦૩ |

શરતો:

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.
2. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

3. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
4. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
5. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
6. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
7. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.
9. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
10. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/ જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
11. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓની મુદત લંબાવવાની દરખાસ્ત ચાલુ મુદ્દત પૂરી થતા પહેલાંના બે માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
12. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી અચૂક મેળવી લેવાની રહેશે.
13. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
14. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
15. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
16. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.
17. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
18. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજીક સેવાઓ, સબ સેકટર -ગ અનુ.જાતિ/ જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર - ૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર ૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય, પેટા

સદર ૦૧ (GEN) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની જોગવાઈઓમાથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએ તા:૦૪/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઉક્ત હિસાબી અધિકારી (વર્ગ-૧) ની જગ્યા પર નિમણૂંક થવા માટે આનુષંગિક કાર્યવાહી કરવાની વિનંતી સહ..
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨, ૭ મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૪